અપીલ અરજી નં.૭૯ તા.૨–૬–૧૦/૧૧

અરજદારઃ– શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ
સામાવાળાઃ– ડે.કમિશ્નર(૫અનેઈ) અને જાહેર માહિતી અધિકારી (જન સંપર્ક) આરોગ્ય અધિકારી અને ઈ. ચા. ડે.કમિશ્નર(હે અને હો) અને જાહેર માહિતી અધિકારી (ફુડ વિભાગ)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટની તા.૨૭–૪–૧૦ ની અરજીથી ૧. કમિશ્નરશ્રી તા.૧૯–૪–૧૦, (૨) મેયરશ્રી તા.૧૯–૪–૧૦, (૩) હેમંત એસ. દેસાઈ, આરોગ્ય તા.૨–૩–૧૦ (૪)હેમંત એસ. દેસાઈ, આરોગ્ય તા.૬–૪–૧૦ ઉપરોકત ચાર અરજીઓથી થયેલ કાર્યવાહી તથા ન થઈ હોય તો જવાબદાર અધિકારીઓ, પદાધિકારીઓના નામ અને ન થવાના કારણો સાથે માહિતી આપવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની તા.૨–૬–૧૦ ની **SMC/FAP/** નં.૭૯/૨૦૧૦–૧૧

શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટની તા.૨૭–૪–૧૦ ની અરજીથી (૧) કમિશ્નરશ્રી તા.૧૯–૪–૧૦, (૨) મેયરશ્રી તા.૧૯–૪–૧૦, (૩) હેમંત એસ. દેસાઈ, આરોગ્ય તા.૨–૩–૧૦ (૪)હેમંત એસ. દેસાઈ, આરોગ્ય તા.૬–૪–૧૦ ઉપરોકત ચાર અરજીઓથી થયેલ કાર્યવાહી તથા ન થઈ હોય તો જવાબદાર અધિકારીઓ, પદાધિકારીઓના નામ અને ન થવાના કારણો સાથે માહિતી આપવા બાબતે નિયત સમયઅવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલ ેટ ઓફિસરને તા.૨–૬–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૩૨૩ તા.૭–૬–૧૦ થી ડે.કમિશ્નર(૫અનેઈ) અને જાહેર માહિતી અધિકારી (જન સંપર્ક) આરોગ્ય અધિકારી અને ઈ. ચા. ડે.કમિશ્નર(હે અને હો) અને જાહેર માહિતી અધિકારી (ફુડ વિભાગ)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને બંને જાહેર માહિતી અધિકારી તરફથી કોઈ પૂરક વિગતો અત્રેના વિભાગને મળેલ નથી.

અરજદારની તા.૨૭–૪–૧૦ ના રોજ માહિતી માંગતી અરજી થી અરજદારને અગાઉ કરેલ તા.૧૯–૪–૧૦ ના રોજ મ્યુ. ડાયરીમાં ક્રાંતિધર્મ અખબારનું નામ પ્રસિધ્ધ કરવા બાબત હેઠળ મ્યુ. કમિ.શ્રી અને મયરશ્રીને કરેલી અરજી તથા તા.૨–૩–૧૦ અને તા.૬–૪–૧૦ થી આરોગ્ય અધિકારી ફુડ વિભાગ બાબતે જુદી જુદી સંસ્થાઓની કરેલી ફરીયાદ અંગેની અરજીઓની થયેલી કાર્યવાહી કરવા અંગેની માહિતી માંગતી અરજી ઉધનાઝોન ખાતે કરવામાં આવેલ. કાર્યપાલક ઈજનેર અને મ. જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તરફથી નં.સા.ઝોન/અકણ/આરટીઆઈ/૧૯૦ તા.૨૯–૪–૧૦ થી જાહેર માહિતી અધિકારી મેયરશ્રીની કચેરી અને જાહેર માહિતી અધિકારી કમિ.શ્રીની કચેરી અને જાહેર માહિતી અધિકારી આરોગ્ય અધિકારીને તબદીલ કરવામાં આવેલ. ત્યાર બાદ કાર્યપાલક ઈજનેર અને મ. જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તરફથી પત્ર નં.સા.ઝોન/૨૬ તા.૫–૫–૧૦ થી અરજીમાં માંગ્યા મુજબની માહિતીમાં નિર્દિષ્ટ વિષયમાં દર્શાવેલ અરજી નં.૧ અને ૨ તા.૧૯–૪–૧૦ ની જણાવ્યા મુજબ મહાનગરપાલિકાની નવી ડાયરી સને ૨૦૧૦–૧૧ વિતરણ નહીં કરવા તેમજ પાછી ખેંચવા બાબતે સુરત મહાનગરપાલિકાના પીઆરઓ વિભાગનો સંપર્ક કરવો અને ૩ તા.૨–૩–૧૦ અને ૬–૪–૧૦ ની અરજીઓ બાબતે સુરત મહાનગરપાલિકાના ફુડ વિભાગને લાગત હોય ફુડ વિભાગનો સંપર્ક કરવો. અરજીઓમાં જણાવેલ તારીખ મુજબની કોઈ અરજી ઝોન કચેરીના આરોગ્ય વિભાગને લાગત ન હોય આરોગ્ય વિભાગ ધ્વારા કોઈ માહિતી આપવાની રહેતી નથી. જે અરજીઓ સબંધિત લાગત વિભાગને તબદીલ કરવામાં આવેલ છે. જેથી માહિતી મેળવવા માટે સદર ખાતાનો સંપર્ક કરવો તેવું જણાવેલ છે. અરજદારે ત્રણેય જાહેર માહિતી અધિકારી ધ્વારા પ્રત્યુત્તર કે માહિતી ન આપી કાયદાનું ઉલ્લઘંન કરેલ હોવાનું જણાવી અપીલ અરજી કરેલ છે તથા તેઓને દંડ કરવાની કરવાની રજુઆત કરેલ છે. જે બાબતે અરજદારને તેઓની તા.૨–૩–૧૦ ની ફરીયાદ સંદર્ભે આરોગ્ય અધિકારી તરફથી પત્ર નં.પીએચડી/ફુડ/૯૬૨ તા.૨૯–૩–૧૦ થી પ્રત્યુત્તર પાઠવવામાં આવેલ છે. પરંતુ આરોગ્ય અધિકારીએ અરજદારની આરટીઆઈ હેઠળની અરજી બાબતે કોઈ માહિતી આપેલ જણાતી નથી. જયારે જન સંપર્ક અધિકારી તરફથી પણ ડાયરી બાબતે કોઈ માહિતી આપેલ જણાતી નથી. આમ બંને જાહેર માહિતી અધિકારીઓ તરફથી અરજદારને માહિતી પૂરી પડાયેલ જણાતી નથી તથા તેના અપવાદ અંગે આરટીઆઈ કાયદાની કલમ–૮,૯ કે ૧૧ હેઠળ ઈન્કારનું કોઈ કારણ જણાવેલ નથી.

મુળ અરજી સ્વીકારેલ જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન કક્ષાએથી જાહેર માહિતી અધિકારી મેયરશ્રીની કચેરી, જાહેર માહિતી અધિકારી મ્યુ. કમિ.શ્રીની કચેરી તે રીતે અરજીઓ તબદીલ કરેલ છે. પરંતુ સુરત મહાનગરપાલિકાની વેબસાઈટ ઉપર પ્રસિધ્ધ કરેલ વિગતે મુકરર કરેલ નિશ્ચિત જાહેર માહિતી અધિકારીઓને અરજી તબદીલ કરેલ નથી. અરજદારને તા.૫–૫–૧૦ ના પત્રથી જન સંપર્ક વિભાગનો સંપર્ક કરવા તથા આરોગ્ય ફુડ વિભાગનો સંપર્ક કરવા જણાવેલ છે. પરંતુ સદર પત્રની નકલ જન સંપર્ક વિભાગને રવાના કરેલ જણાતી નથી. આરટીઆઈ કાયદાની કલમ–૬(૩) હેઠળ અરજીનું વિષય વસ્તુ જે જાહેર સત્તા મંડળના કાર્યો સાથે ઘનિષ્ટ રીતે

સંકળાયેલ હોય તે સત્તા મંડળ કે નિયમ –૪(૨) હેઠળ તે જાહેર માહિતી અધિકારીને તબદીલ કરવાનું આદેશાત્મક છે. અપીલ અરજીના કિસ્સામાં પણ જાહેર માહિતી અધિકારી મેયરશ્રીની કચેરીની અરજી અંગે તેમના અપીલ અધિકારી મ્યુ. સેક્રેટરીને અરજદારે અપીલ કરવી રહે. અગર તેમને તબદીલ કરવી રહે જે પ્રસ્તુત કેસમાં તેટલા વિભાગ પુરતું થયેલ નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારે તા.૨૭–૪–૧૦ ની અરજીથી માંગેલ માહિતી બંને જાહેર માહિતી અધિકારી તરફથી નહીં પૂરી પડાયેલી દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ સને ૨૦૧૦–૧૧ ની ડાયરીમાં ક્રાંતિધર્મનું નામ નહીં પ્રસિધ્ધ કરવા બાબતે કરેલી અરજીની કાર્યવાહી બાબત હેઠળની માહિતી અરજદારને દિન–૭ માં પૂરી પાડવા ડે.કમિશ્નર(પ અને ઈ) અને જાહેર માહિતી અધિકારી જનસંપર્કને જણાવવામાં આવે છે. તથા ફુડ અંગે જુદી જુદી સંસ્થાઓની કરેલી ફરીયાદ અંગેની કાર્યવાહી બાબત માહિતી અંગે આરોગ્ય અધિકારી અને ઈ. ચા. ડે.કમિ. (હે અનેહો) અનેજાહેર માહિતી અધિકારી (ફુડ વિભાગ) ને જણાવવામાં આવે છે. જાહેર માહિતી અધિકારી મેયરશ્રીની કચેરીને તબદીલ થયેલી અરજી અંગે અરજદાર ઈચ્છુક હોય તો સદર હુકમ સાથે તબદીલ કરેલ અપીલ અરજી અન્વયે તેમના અપીલ અધિકારી મ્યુ. સેક્રેટરને સંપર્ક કરવા સ્વતંત્ર છે.

વધુમાં અરજદારે અપીલમાં રજૂ કરેલ દંડાત્મક જોગવાઈ અંગે કાર્યવાહી કરવાની સત્તા આરટીઆઈ કાયદાની કલમ–૨૦ મુજબ રાજય માહિતી આયોગને છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૬–૧૦

ડે.કમિશ્નર (જનરલ)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,

(૧) ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (જનસંપર્ક), આરોગ્ય અધિકારી અને ઈ. ચા. ડે.કમિશ્નર (હે અને હો) અને જાહેર માહિતી અધિકારી (ફુડ વિભાગ) , કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તથા જાહેર માહિતી અધિકારી સેક્રેટરી વિભાગ... ..જાણ તથા અમલ માટે

(૨) શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ,